# વારંવાર પૂછાતાં પ્રશ્નો

## 1. Protection visa શું છે?

Protection visas એવા લોકો (અથવા તેમના પરિવારના સભ્યો) માટે છે, જેમને પોતાના ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ કસાન અથવા સતામણીની વાસ્તવિક શક્યતાનો સામનો કરવો પડે તેમ હોય. જો તમને Protection visas આપવામાં આવે, તો તમે ઓસ્ટ્રેલિયાની સરકારની પરવાનગી વગર જે દેશ સામે આશ્રય લઇ રહ્યા છો ત્યાં, તમારો પરિવાર રહેતો હોય તેમ છતાં, પાછા જઇ શકશો નહીં.:

તમે પગારદાર રોજગાર મેળવી શકો તે માટે ઓસ્ટ્રેલિયામાં તમારા રોકાણને વધારવાના સાધન તરીકે Protection visas માટે અરજી કરશો નહીં.

તમે Protection visas માટે લાયક છો કે કેમ તે જાણવા નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લેવા માટે તમને ભારપૂ ર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.



## 2. ઓસ્ટ્રેલિયામાં Protection visa માટે અરજી કરવા માટે કોણ પાત્ર છે?

Protection visas સંરક્ષણ વિઝા એવા લોકો (અથવા તેમના પરિવારના સભ્યો) માટે છે, જેમને નીચેના કારણોસર પોતાના ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ કસાનનો અથવા સતામણીની વાસ્તવિક શક્યતાનો સામનો કરવો પડે તેમ હોય:

- જાતિ
- ધર્મ
- રાષ્ટ્રીયતા
- ચોક્કસ સામાજિક જૂ થનું સભ્યપદ અથવા
- રાજકીય મંતવ્ય

સફળ કરતાં અસફળ Protection visa અરજીઓ નોંધપાત્ર રીતે વધુ છે. સરેરાશ, તમામ અરજીઓમાં 85%થી વધુ અરજીઓ નામંજૂ ર કરવામાં આવે છે કારણ કે તે વિઝા આવશ્યકતાઓ પૂ ર્ણ કરતી નથી. ટલીક રાષ્ટ્રીયતાઓવાળી અરજીઓમાં ઇન્કારનો દર 100% ની નજીક હોય છે.

તમારા સંજોગોને અનુ રૂપ વધુ યોગ્ય અન્ય વિઝા હોય શકે છે. યોગ્ય વિઝા શોધવા અંગેની વધુ માહિતી ગૃહ ખાતાની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

## 3. Protection visa અરજીની વિચારણા કરવામાં કેટલો સમય લાગે છે?

પ્રક્રિયાના સમયને ઝડપી બનાવવા માટે Protection visa અરજી પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેમ કે હવે મોટાભાગની નવી અરજીઓ પર તાજેતરના વર્ષોની તુ લનામાં લગભગ 8 ગણી ઝડપે નિર્ણય લેવામાં આવી રહ્યો છે. આનો અર્થ કે જે લોકોને ખરેખર જરૂર છે તેમને Protection visaની ઝડપી મંજૂ રી અને જે લોકો ફક્ત કામ કરવા માટે અથવા ઓસ્ટ્રેલિયામાં તેમનું રોકાણ લંબાવવા માટે Protection visaની અરજી કરે છે તેમને ઝડપી ઇન્કાર.

ધ્યાન રાખજો કે જો તમે Protection visa માટે અરજી કરવા માટે નોંધણી વગરના કોઇ સ્થળાંતર સલાહકારને રોકો છો, તો તમે ઘણાં નાણાં ચૂ કવો તેમ છતાં પણ તમને Protection visaનો ઝડપથી ઇન્કાર થઇ શકે છે. તમે Protection visas માટે લાયક છો કે કેમ તે જાણવા નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લેવા માટે તમને ભારપૂ ર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તમારા સંજોગોને અનુ રૂપ વધુ યોગ્ય અન્ય વિઝા હોય શકે છે. યોગ્ય વિઝા શોધવા અંગેની વધુ માહિતી ગૃહ ખાતાની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

## 4. જો મારા Protection visa નામંજૂર કરવામાં આવે તો શું થશે?

જો તમને Protection visa વિઝા આપવાનો ઇન્કાર કરવામાં આવે, તો તમે મોટાભાગના અન્ય વિઝા માટે અરજી કરી શકશો નહીં અને તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે. જો તમારી પાસે માન્ય વિઝા ન હોય, તો તમને અટકાયતમાં લઇ શકાય છે અને ઓસ્ટ્રેલિયામાંથી કાઢી મૂ કવામાં આવી શકે છે. નકારવામાં આવેલી Protection visa અરજી તમને અને તમારા પરિવાર માટે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયાની મુ લાકાત લેવાનું પણ મુ શ્કેલ બનાવી શકે છે. તમે ક્યા પ્રકારના વિઝા માટે અરજી કરો છો તેના આધારે તે ઓસ્ટ્રેલિયા સિવાયના અન્ય દેશો માટે ભવિષ્યની વિઝા અરજીઓને પણ અસર કરી શકે છે.

Protection visa અરજદારો કે જેઓ બનાવટી દસ્તાવેજો પૂ રા પાડે છે અથવા તેમની અરજીમાં ગેરમાર્ગે દોરતી માહિતી આપે છે તેમના માટે ગંભીર પરિણામો છે, જેમાં મોટા દંડ, 10 વર્ષ સુ ધીની સંભવિત જેલ અથવા બંનેનો સમાવેશ થાય છે. તમારા અને તમારા પરિવાર માટે, મુ લાકાતી, વિદ્યાર્થી અથવા પીએએલએમ સ્કીમ (PALM scheme) જેવા કામચલાઉ રોજગાર વિઝા પર પણ ક્યારેય ઓસ્ટ્રેલિયા પાછા ફરવાનું મુ શ્કેલ બની શકે છે.

આ વર્ષે, ઓસ્ટ્રેલિયાની સરકારે એક નવું ઓપરેશન કર્યું હતું, જેમાં નામંજૂ ર Protection visa અરજીકર્તાઓની અટકાયત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું કે જેમનાં હંગામી વિઝાની મુ દત પૂ રી થઇ ગઇ છે, અને તેમને ઓસ્ટ્રેલિયામાંથી બહાર કરવામાં આવ્યા છે. આ ઓપરેશન ચાલુ જ છે.

જો તમને અટકાયતમાં લેવામાં આવે અને ઓસ્ટ્રેલિયામાંથી બહાર કરવામાં આવે, તો તમારે તમને બહાર કરવાનો ખર્ચ પરત કરવો પડી શકે છે, જે હજારો ડૉલર હોય શકે છે.

## વારંવાર પૂછાતાં પ્રશ્નો

Protection visa ની અરજી કરતાં પહેલાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લેવા માટે તમને ભારપૂ ર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.

### 5. Protection visa આપવાનો ઇન્કાર કરવામાં આવે તો શું હું બીજા વિઝા માટે અરજી કરી શકું?

જો તમને Protection visa વિઝા આપવાનો ઇન્કાર કરવામાં આવે, તો તમે મોટાભાગના અન્ય વિઝા માટે અરજી કરી શકશો નહીં અને તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે. તમને અને તમારા પરિવારના સભ્યોને ઓસ્ટ્રેલિયા પાછા ફરવું પણ મુ શ્કેલ થઇ શકે છે.

જો Protection visa આપવાનો ઇન્કાર કર્યા પછી તમને અટકાયતમાં લેવામાં આવે અને ઓસ્ટ્રેલિયામાંથી બહાર કરવામાં આવે, તો તમારે તમને બહાર કરવાનો ખર્ચ પરત કરવો પડી શકે છે, જે હજારો ડૉલર હોય શકે છે.

નામંજૂ ર કરવામાં આવેલી Protection visa અરજી તમે કયા પ્રકારના વિઝા માટે અરજી કરો છો તેના આધારે ઓસ્ટ્રેલિયા સિવાયના અન્ય દેશો માટે ભવિષ્યની વિઝા અરજીઓને પણ અસર કરી શકે છે.

Protection visaની અરજી કરતાં પહેલાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લેવા માટે તમને ભારપૂ ર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.

### 6. મારે કોઇ સ્થળાંતર સલાહકાર સાથે Protection visa માટે અરજી કરવા વિશે વાત કરવી જોઇએ?

Protection visa માટે અરજી કરવા અંગેની સલાહ ફક્ત નોંધાયેલ સ્થળાંતર એજન્ટો અને ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયિકો પાસેથી જ લેવી જોઇએ. તમે મુ ક્તિ આપેલ વ્યક્તિ પાસેથી પણ ઇમિગ્રેશન સહાય લઇ શકો છો.

મુ ક્તિ આપેલ વ્યક્તિ એવી વ્યક્તિ છે જે નોંધાયેલ સ્થળાંતર એજન્ટ કે કાનૂ ની વ્યવસાયિક નથી અને તે નીચેનામાંથી એક છે:

- તમારું નામ સૂ ચવનાર અથવા તમારા પ્રાયોજક
- તમારા નજીકના પરિવારનાં સભ્ય
- સાંસદ
- રાજદ્વારી મિશનનાં સભ્ય
- પરદેશમાં એલચી કચેરીનાં સભ્ય
- આંતરરાષ્ટ્રીય સંસ્થાના સભ્ય

જે વ્યક્તિ નોંધાયેલ સ્થળાંતર એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયી નથી, તેઓએ તેમની સહાય માટે તમારી પાસેથી શુ લ્ક લેવું જોઇએ નહીં. મુ ક્તિ આપેલ વ્યક્તિએ શુ લ્ક લેવું ગેરકાયદેસર છે.

નોંધાયેલ સ્થળાંતર એજન્ટ, ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયિક અથવા મુ ક્તિ આપેલ વ્યક્તિ ના હોય  તેવો વ્યક્તિ તમને ખોટી સલાહ આપી શકે છે, જેના કારણે તમે ઓસ્ટ્રેલિયામાં રહેવાની અન્ય તકનું પણ જોખમ ઉઠાવી શકો છો.

તમે શેના માટે અરજી કરી રહ્યા છો અને અરજીમાં કઇ માહિતી આપવામાં આવી રહી છે તે સમજ્યા વગર તમારે અન્ય કોઇને પણ તમારા વતી Protection visa ની અરજી કરવા દેવી જોઇએ નહીં.  તમારા વતી કોઇ બીજું તે ભરે અને પહોંચતી કરે તો પણ તમારી અરજીમાં બધું જ સાચું છે તે તમારે સુ નિશ્ચિત કરવું જોઇએ.

જો તમે સ્થળાંતરની સલાહ માટે શુ લ્ક આપી રહ્યા હોવ, તો ખાતરી કરો કે તે નોંધાયેલ સ્થળાંતર એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયિક દ્વારા પૂ રી પાડવામાં આવી છે.કોઇ વ્યક્તિ નોંધાયેલ સ્થળાંતર એજન્ટ છે કે નહિં તે તમે સ્થળાંતર એજન્ટોની નોંધણી અધિકાર કચેરી ની વેબસાઇટ પર તપાસી શકો છો.

### 7. મારી Protection visa અરજીમાં મદદ કરવા માટે હું કોઇ પ્રતિષ્ઠિત સ્થળાંતર સલાહકારને કેવી રીતે શોધી શકું?

ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર એજન્ટો સ્થળાંતર એજન્ટોની નોંધણી અધિકાર કચેરી (OMARA) માં નોંધાયેલા હોવા જોઇએ. કોઇ એજન્ટ નોંધાયેલ છે કે કેમ તે તપાસવા અથવા કોઇ વિકલ્પ શોધવા માટે તમે વેબસાઇટની મુ લાકાત લઇ શકો છો.

ગેરકાનૂ ની ઓપરેટરો ઘણી વખત તેમની સેવાઓની જાહેરાત સોશિયલ મીડિયા અને ઓનલાઇન ચેટગ્રુ પમાં કરતાં હોય છે. તેઓ ક્યારેક અરજદારોને ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી આપવાનું કહે છે અથવા પ્રોટેક્શન વિઝા માટે અરજી કરતી વખતે ખોટા દસ્તાવેજો આપવાનું કહે છે, અને કેટલાક લોકો આ ખોટી સલાહ આપવાનાં ખૂ બ પૈસા લે છે.

જો કોઇ તમને ગેરકાનૂ ની રીતે માઇગ્રેશન સહાય આપવાની કોશિષ કરી રહ્યું હોય તો, તમે અમને Border Watch Online Report (બોર્ડર વૉચ ઓનલાઇન અહેવાલ) નો ઉપયોગ કરીને જાણ કરી શકો છો. તમારે તમારું નામ આપવાની જરૂર નથી.

નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓની નિ:શુ લ્ક કાનૂ ની સલાહ પણ ઉપલબ્ધ છે.



### 8. જો હું માટે Protection visa અરજી કરું તો હજી પણ હું ઘરે જઇ શકું?

જ્યારે તમે Protection visa માટે અરજી કરો છો, ત્યારે જો તમે જે દેશ સામે ઓસ્ટ્રેલિયાની સુ રક્ષા માંગી રહ્યા છો ત્યાં જાવ, પછી ભલેને તમારો પરિવાર ત્યાં સ્થિત હોય, તો પણ તમારી અરજી નામંજૂ ર થઇ શકે છે.

જો તમને Protection visa આપવામાં આવે, તો તમે ઓસ્ટ્રેલિયાની સરકારની પરવાનગી વિના જે દેશ સામે આશ્રય માંગ્યો છે, તમારો પરિવાર ત્યાં રહેતો હોવા છતાં તમે ત્યાં જઇ શકશો નહીં.

Australian Government

## વારંવાર પૂછાતાં પ્રશ્નો

### 9. હું Protection visa અરજીમાં ખોટી માહિતી આપું તો શું થશે?

Protection visa અરજદારો કે જેઓ બનાવટી દસ્તાવેજો પૂ રા પાડે છે અથવા તેમની અરજીમાં ગેરમાર્ગે દોરતી માહિતી આપે છે તેમના માટે ગંભીર પરિણામો છે, જેમાં મોટા દંડ, 10 વર્ષ સુ ધીની સંભવિત જેલ અથવા બંનેનો સમાવેશ થાય છે.

દંડ અને જેલની સજાના જોખમની સાથે સાથે, તમારા અને તમારા પરિવાર માટે મુ લાકાતી, વિદ્યાર્થી અથવા પીએએલએમ સ્કીમ (PALM scheme) જેવા હંગામી રોજગાર વિઝા પર પણ ક્યારેય ઓસ્ટ્રેલિયા પાછા ફરવું, મુ શ્કેલ બની શકે છે.

જો તમારા વિઝા મંજૂ ર થયા પછી એવું જાણવા મળે કે, તમે ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે, તો તમારા Protection visa રદ થઇ શકે છે. ધ્યાન રાખો કે તમે ક્યા પ્રકારનો વિઝા માટે અરજી કરી રહ્યા છો તેના આધારે નકારવામાં આવેલી Protection visa અરજી અથવા રદ થયેલ Protection visa ઓસ્ટ્રેલિયા સિવાયના અન્ય દેશોની ભવિષ્યની વિઝા અરજીઓને પણ અસર કરી શકે છે.

જો Protection visaની અરજી કરી રહેલ કોઇ તમને તેમને ટેકો આપતો કાગળ લખી આપવાનું કહે તો, તમારે આવું તો જ કરવું જોઇએ જો તમે માનતાં હોવ કે તેઓ વાસ્તવિક આશ્રય ઇચ્છુ ક છે કે જેઓ ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ કસાન ભોગવવાનું જોખમ અથવા સતામણી થવાની વાસ્તવિક બીક ધરાવે છે. તેમના રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતા પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ મેળવવા માટે તેમને પ્રોત્સાહિત કરો.

### 10. શું એ સાચું છે કે Protection visa ઓસ્ટ્રેલિયામાં રહેવાનો અને કામ કરવાનો માર્ગ પૂરો પાડે છે?

Protection visaની અરજી ફક્ત એવા વ્યક્તિએ જ કરવી જોઇએ જેઓ ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ કસાન ભોગવવાનું જોખમ અથવા સતામણી થવાની વાસ્તવિક બીક ધરાવે છે. Protection visa એવા લોકો માટે નથી કે જેઓ ઓસ્ટ્રેલિયામાં ફક્ત કામ કરવા માટે લાંબું રહેવા માંગે છે.

કેટલાક ધંધાઓ હંગામી વિઝા ધારકોને રોજગારીની તકો આપવા ખોટી માહિતી આપીને Protection visaની અરજી કરવાનું કહે છે અને આમ કરતાં અરજીકર્તાઓને તેમના વિઝા નામંજૂ ર થવાનાં તથા તેમને મોટા દંડનો, 10 વર્ષ સુ ધીની સંભવિત જેલનાં અથવા બંનેનાં થવાનાં જોખમમાં મૂ કે છે. ભવિષ્યમાં તેમને અન્ય વિઝા આપવાનો પણ ઇન્કાર કરવામાં આવી શકે છે.

વિદ્યાર્થીઓને પણ ખોટી માહિતી સાથે Protection visa માટે અરજી કરીને ઓસ્ટ્રેલિયામાં રોકાણ ચાલુ રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. ખોટી માહિતી પૂ રી પાડવાથી અરજીકર્તાને તેમના વિઝા નામંજૂ ર થવાનું જોખમ રહે છે અને તેમને મોટા દંડ, 10 વર્ષ સુ ધીની સંભવિત જેલ અથવા બંનેનો સામનો કરવો પડી શકે છે.

સફળ કરતાં અસફળ Protection visa અરજીઓ નોંધપાત્ર રીતે વધુ છે. સરેરાશ, તમામ અરજીઓમાં 85%થી વધુ અરજીઓ નામંજૂ ર કરવામાં આવે છે કારણ કે તે વિઝા આવશ્યકતાઓ પૂ ર્ણ કરતી નથી. કેટલીક રાષ્ટ્રીયતાઓવાળી અરજીઓમાં ઇન્કારનો દર 100%ની નજીક હોય છે.

જો તમે Protection visaની અરજી કરવાનું વિચારી રહ્યા હોવ તો, તમે પાત્ર છો કે કેમ તે જાણવા નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લેવા માટે તમને ભારપૂ ર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે. તમારા સંજોગોમાં અન્ય વધુ યોગ્ય વિઝા હોય શકે છે.

### 11. એવું કોઇ છે જેની સાથે હું નિ:શુલ્ક સલાહ માટે વાત કરી શકું?

ઓસ્ટ્રેલિયાની સરકાર નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતાઓ પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ પૂ રી પાડે છે જેથી લોકોને પોતે Protection visa માટે પાત્ર છે કે કેમ તે સમજવામાં મદદ મળી શકે.

**વધુ માહિતી મેળવવા તમે ગૃહ ખાતાની વેબસાઇટ પર પણ જઇ શકો છો.**